દાખલ તારીખ : ૨૨.૦૯.૨૦૨૫
નોધ્યા તારીખ : ૨૨.૦૯.૨૦૨૫
ફેસલ તારીખ : ૦૪.૦૫.૨૦૨૬
સમય ગાળો વ. ૦૦, મા.૦૭, દિ.૧૨

મે.ખેડાના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ખેડા.

**ક્રિ.કે.નં.૮૬૧/૨૦૨૫**
આંક : ૩૬

**ફરિયાદી :-**

**મીનેશ પ્રવિણભાઈ પટેલ,**
ઉ.વ.૩૧, ધંધો : નોકરી/ખેતી,
રહે.દલાલનો ટેકરો, મું.ખેડા, તા.જી.ખેડા.

**વિરુધ્ધ.**

**તહોમતદાર :-**

**વિશાલકુમાર ભુપતસિંહ ખાંટ,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : નોકરી,
રહે.દલાલનો ટેકરો, મું.ખેડા, તા.જી.ખેડા.

**બાબત :-ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ**

**ફરિયાદ પક્ષે વિધ્વાન વકીલ શ્રી વી.ડી.પારેખ**
**આરોપી પક્ષે વિધ્વાન વકીલ શ્રી એમ.બી.વિધવાણી**

## // ચુકાદો //

૧.. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી તથા આરોપી બંને ખેડા મુકામે એકજ ફળિયામાં રહેતા હોય એકબીજાના પરિચિત અને પરસ્પર મિત્રતાના સારા સંબંધ ધરાવે છે. જેથી ફરિયાદીને આરોપી ઉપર ખુબજ પાકો વિશ્વાસ અને ભરોસો છે. આરોપીને એપ્રિલ–૨૦૨૫ ની સાલમાં સામાજીક પ્રસંગ માટે તાત્કાલીક પૈસાની જરૂર પડતાં ફરિયાદીના ઘરે રૂબરૂ મળી રૂા.૨,૦૦,૦૦૦/–પુરાની એક માસ માટે હાથઉછીના નાણાંની માંગણી કરેલ. જેથી, ફરિયાદી પાસે વ્યવસ્થા હોય તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ આરોપીની માંગણી મુજબના રૂા.૨,૦૦,૦૦૦/–પુરા હાથઉછીના તેમના ઘરેથી રોકડા આપેલા અને તે વખતે આરોપીએ સદર રકમ એક માસમાં પરત આપવાનો પાકો વાયદો કરેલ. ત્યારબાદ વાયદા મુજબ આરોપીએ સદર નાણાં પરત ન કરતાં ફરિયાદીએ સદર નાણાંની કડક ઉઘરાણી કરતાં આરોપી ફરિયાદીના ઘરે આવેલ અને ફરિયાદીની લેણી રકમ પેટે રૂા.૨૦,૦૦૦/–પુરા રોકડા ચુકવી આપેલ અને બાકી રહેતી લેણી રકમ રૂા.૧,૮૦,૦૦૦/–પુરા પેટે આરોપીએ તેના બેન્ક ખાતાનો બેન્ક ઓફ બરોડા, ખેડા શાખામાં આવેલ ખાતા નં.૧૩૯૦૦૧૦૦૦૩૭૧૯૪ માંનો ચેક નં.૦૦૦૦૦૧ વાળો રૂા.૧,૮૦,૦૦૦/–પુરાનો તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજનો એકાઉન્ટ પે નો ચેક ફરિયાદીના નામનો ફરિયાદીની રૂબરૂમાં આરોપીએ તેની સહી કરી આપેલ અને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે જે તે તારીખે સદર ચેક બેન્કમાં રજુ કરેથી તમારાં લેણાં નાણાં તમોને મળી જશે. જેથી આરોપીના આપેલ વિશ્વાસ અને ભરોસા આધારે સદર ચેક ફરિયાદીએ તેમના બેન્ક ખાતામાં બેન્ક

ઓફ બરોડા, ખેડા શાખામાં તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજ સ્વીકરાવવા રજુ કરતાં સદર ચેક કલીયરીંગમાં જતા '' ઈનસફીસીયન્ટ ફન્ડ'' ના શેરા સાથે વગર સ્વીકરાયેપરત ફરેલ જેની જાણ બેન્કે તા.૨૬.૦૮.૨૦૨૫ ના રોજ અસલ ચેક તથા રિટર્ન મેમા સાથે કરેલ. આમ આરોપીએ આપેલ ચેકમાં જણાવ્યા મુજબના નાણાં ફરિયાદીને જમા મળેલ ન હોય, ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૦૧.૦૯.૨૦૨૫ ના રોજ આરોપીને રજી.પો.એડી.ધ્વારા નોટિસ આપેલ જે નોટિસ આરોપીને તા.૦૨.૦૯.૨૦૨૫ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટિસની સમય મર્યાદામાં નોટિસનો જવાબ આપેલ ન હોય કે ચેક મુજબની રકમ ચુકવી આપેલ ન હોવાથી ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ હાલની આ ફરિયાદ દાખલ કરેલી છે.

૨.. સદરહું ફરિયાદનાં અનુસંધાને જરૂરી ઈન્કવાયરી કરી ફરિયાદ રજીસ્ટ્રરે કરવાનો તથા આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો સમન્સ ઈસ્યુ કરવાનો આ કામે હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ધોરણસરનો સમન્સ બજી જતાં તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. ધોરણસરની ફરિયાદ તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપીની આંક-૦૮ થી પ્લી લેવામાં આવેલી છે. જેમાં તેઓએ ફરિયાદ મુજબનો ગુનો કબુલ નથી તેવું જણાવતાં આ કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલી છે.

૩.. આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવાઓ :–</u>**

(૧) આંક–૦૫ થી ફરિયાદી મીનેશ પ્રવિણભાઈ પટેલની સો.ઉ.ની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

(૧) આંક–૦૯ થી આરોપીએ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૦૧.

(૨) આંક–૧૦ થી ચેક પરત ફર્યા અંગેનો અસલ રિટર્ન મેમો.

(૩) આંક–૧૧ થી આરોપીને આપેલ લીગલ નોટિસની સ્થળપ્રત.

(૪) આંક–૧૨ થી રજી.પો.એ.ડી.ની કર્યા અંગેની રીસીપ્ટ.

(૫) આંક–૧૩ થી નોટિસ બજ્યા અંગેની એકનોલેઝમેન્ટ.

(૬) આંક–૧૪ થી નોટિસ બજ્યા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેક કન્સાઈન્મેન્ટ રિપોર્ટ.

(૭) આંક–૧૮ થી ખાતા નં.૧૦૭ નો ગામ નમૂના નં.૮–અ.

(૮) આંક–૧૯ થી બ્લોક/સર્વે નં.૧૯૫૦ નો ગામ નમૂના નં.૭

(૯) આંક–૨૦ થી બ્લોક/સર્વે નં.૭૩૨ નો ગામ નમૂના નં.૭

(૧૦) આંક–૨૧ થી બ્લોક/સર્વે નં.૭૩૪ નો ગામ નમૂના નં.૭

(૧૧) આંક–૨૨ થી બ્લોક/સર્વે નં.૭૩૫ નો ગામ નમૂના નં.૭

(૧૨) આંક–૨૩ થી બ્લોક/સર્વે નં.૭૬૦/૧ નો ગામ નમૂના નં.૭

(૧૩) આંક–૨૪ થી બ્લોક/સર્વે નં.૭૬૦/૨ નો ગામ નમૂના નં.૭

(૧૪) આંક–૨૫ થી બ્લોક/સર્વે નં.૭૬૨ નો ગામ નમૂના નં.૭

(૧૫) આંક–૨૬ થી બ્લોક/સર્વે નં.૭૬૩/૧ નો ગામ નમૂના નં.૭

(૧૬) આંક–૨૭ થી બ્લોક/સર્વે નં.૭૬૩/૨ નો ગામ નમૂના નં.૭

(૧૭) આંક–૨૮ થી બ્લોક/સર્વે નં.૭૬૪/૨ નો ગામ નમૂના નં.૭

(૧૮) આંક–૨૯ થી બ્લોક/સર્વે નં.૭૬૭ નો ગામ નમૂના નં.૭

(૧૯) આંક–૩૦ થી બ્લોક/સર્વે નં.૭૬૯/૩ નો ગામ નમૂના નં.૭

(૨૦) આંક–૩૧ થી બ્લોક/સર્વે નં.૮૧૩/૨ નો ગામ નમૂના નં.૭

(૨૧) આંક–૩૨ થી માલ વેચાણનું બીલ.

૪.. ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો તપાસેલ નથી અને ફરિયાદપક્ષે આંક–૩૩ થી પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ રજુ કરતાં, ફરિયાદપક્ષનો વધુ પુરાવો બંધ કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું બી.એન.એસ.એસ. કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવે છે કે, તેમના સામે ખોટો કરેલ છે.

૫.. આ કામે વિશેષ નિવેદનમાં આરોપીએ પોતાનો સોગંદઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે પરંતુ સાહેદ તપાસવા માંગતા હોય આ કામ આરોપી તરફે આંક–૩૪ થી સાહેદ લીસ્ટ આપેલ. ત્યારબાદ આરોપીને સાહેદ તપાસવા સારૂ સાહેદને હાજર રાખવા પુરતો સમય આપવા છતાં નિયત સમયમાં આરોપી તરફે સાહેદને હાજર રાખી તેઓનો પુરાવો ન આપતાં અને આ કામ વિલંબીત થતુ હોય, જેથી આ કામે આરોપી તરફે સાહેદનો પુરાવો રજુ કરવાનો હકક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

૬.. ત્યારબાદ, આ કામે ફરિયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી વી.ડી.પારેખની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપી તરફે કોઈ હાજર ન રહેતાં કે મુદત રિપોર્ટ રજુ ન રાખતાં આ કામે આરોપી તરફેની દલીલનો હકક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

૭.. ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત છે.

૧. શું ફરિયાદી પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરિયાદીએ વટાવ ખત અધિનિયમની કલમ ૧૩૮ તથા કલમ ૧૪૨(૧)ની આદેશાત્મક જોગવાઈઓને અનુસરીને હાલની ફરિયાદ કરેલી છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદી ને કાયદેસરના લેણાં પેટે હાલનો ચેક આપી ખાતામાં પુરતુ બેલેન્સ નહી રાખી ચેક પરત ફેરવાડાવીને વટાવ ખત અધિનિયમન ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે ?

૩. શું હુકમ ?

૮.. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

૯.. **<u>મુદ્દા નંબર ૧ ની ચર્ચા :-</u>**

૯.૧. સદરહું મુદ્દા બાબતે ફરિયાદીના વિદ્વાન વકીલશ્રી વી.ડી.પારેખએ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકત આધારે ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે હાલનો ચેક આરોપીએ આપેલ, જે બેન્કમાં રજુ કરતાં અપુરતા ભંડોળના કારણે '' ઈનસફીસીયન્ટ બેલેન્સ'' ના શેરા સાથે પરત ફરેલ જેથી ફરિયાદીએ આરોપીને સમય મર્યાદામાં ચેકની રકમની ડિમાન્ડ કરતી તા.૦૧.૦૯.૨૦૨૫ ના રોજ આર.પી.એડી.થી માંગણા નોટિસ આપેલી, જે નોટિસ આરોપીને તા.૦૨.૦૯.૨૦૨૫ ના રોજ

બજવા છતાં આરોપીએ નોટિસનો કોઈ જવાબ આપેલ નથી કે ચેકમાં જણાવ્યા મુજબનાં નાણાં ચુકવી આપેલ ન હોઈ ફરિયાદીએ આરોપી વિરુધ્ધ આંક–૦૧ થી ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરી તેના સમર્થનમાં આંક–૦૫ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલી છે અને તેમાં જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/– પુરા હાથઉછીના લીધેલ તે રકમ પૈકી આરોપીએ રૂ.૨૦,૦૦૦/–પુરા રોકડા ચુકવી આપેલ અને બાકી રહેતી રકમ રૂ.૧,૮૦,૦૦૦/–પુરા ચુકવવા આરોપીએ તેના બેન્ક ખાતાનો આંક–૦૯ થી રજુ અસલ ચેક નં.૦૦૦૦૦૧ નો તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજનો આપેલ જે બેન્કમાં સ્વીકરાવવા જમા કરાવતાં આંક–૧૦ ના અસલ રિટર્ન મેમા સાથે પરત આવતાં, આંક–૧૧ થી રજુ ડિમાન્ડ નોટિસ આરોપીને આપેલ જે આંક–૧૩ મુજબ આરોપીને બજી ગયેલ છે. આમ સદર ચેક તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજનો છે અને તે ચેક તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજ બેન્કમાં જમા કરાવતા તે પરત આવેલ જેની જાણ બેન્કે તા.૨૬.૦૮.૨૦૨૫ ના રોજ કરેલ છે, ત્યારબાદ આંક–૦૯ વાળો ચેક તા.૨૬.૦૮.૨૦૨૫ ના રોજ પરત ફરતા દિન–૩૦ માં તા.૦૧.૦૯.૨૦૨૫ ના રોજ નોટિસ આપેલ છે એટલે કે કાયદેસરની સમય મર્યાદામાં નોટિસ આપેલ છે, ત્યારબાદ નોટિસ આરોપીને તા.૦૨.૦૯.૨૦૨૫ ના રોજ બજી જતાં ત્યારથી દિન–૧૫ ની રાહ જોયા બાદ દિન–૩૦ માં ફરિયાદ દાખલ કરવી પડે, જે મુજબ ફરિયાદીએ તા.૨૨.૦૯.૨૦૨૫ ના રોજ સમય મર્યાદામાં ફરિયાદ દાખલ કરી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ છે.

૯.૨. આ કામે ફરિયાદપક્ષની ઉલટ તપાસ દરમ્યાન આરોપીના વિ.વકીલશ્રીએ વિગતવારની ઉલટ તપાસ કરી ફરિયાદીએ જણાવેલ હકીકતો પડકારેલ છે પરંતુ ફરિયાદી જણાવે છે તેવી આંક-૧૧ થી રજુ માંગણા નોટિસ તેમને આપેલ નથી કે જે સરનામે નોટિસ આપેલ તે નોટિસમાં જણાવેલ સરનામું તેમનું ખરૂ સરનામું નથી કે ફરિયાદી જણાવે છે તેવી નોટિસ તેમને બજેલ નથી તે બાબતે ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન કોઇ પ્રશ્ન ઉપસ્થિત કરેલ નથી અને તે રીતે આરોપીને નોટિસ બજેલ નથી તે બાબત પડકારી તેનુ ખંડણ કરવામાં આવેલ નથી. આ કામે આંક-૧૩ થી નોટિસ બજયા અંગેની એકનોલેઝમેન્ટ રજુ છે તેમાં આરોપી વતી નોટિસ છોડાવનાર તરીકે આરોપીના માતૃશ્રી લક્ષ્મીબેન ભુપતસિંહ ખાંટની સહી છે જે નોટિસ છોડાવનાર લક્ષ્મીબેન તે આરોપીની માતૃશ્રી નથી કે તેઓ તેમની માતૃશ્રી સાથે રહેતા નથી તે બાબતે કોઈજ તકરાર લીધેલ નથી. વધુમાં આંક-૧૧ થી રજુ નોટિસ ધ્યાને લેતાં તેમાં વણસ્વીકરાયે પરત ફરેલ ચેકની રકમની ડિમાન્ડ કરવામાં આવેલ છે અને તે નોટિસમાં જણાવેલ સરનામું તે આરોપીએ તેમનુ ખરૂ સરનામું નથી કે તે સરનામે આરોપી રહેતા નથી તેવી કોઈજ તકરાર આરોપી તરફે રેકર્ડ પર આવેલ નથી. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો C.C. Alavi Haji Versus Palapetty Muhammed, 2007(14) SCC 750 ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, ''જયારે પેઈ રજી.એડી.મારફતે ચેક લખનારાના ખરા સરનામે નોટિસ મોકલે તો કલમ ૧૩૮ ના કલોઝ (બી) ની જરૂરિયાતનું પાલન થાય છે અને જયાં સુધી એડ્રેસી ધ્વારા વિરુધ્ધનું પુરવાર કરવામાં ન

આવે ત્યાં સુધી સામાન્ય ક્રમમાં નોટિસ બજાવવામાં આવેલ છે તેમ ગણાશે.'' આ કામે આરોપીએ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન ફરિયાદીએ જણાવેલ સદરહુ સરનામું તેમનુ નથી કે તે ખોટું સરનામું છે તેવી કોઈજ તકરાર કે બચાવ લીધેલ નથી. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટનો Subodh S. Salaskar Versus Jayprakash M.Shah, 2009 (1) GLR 484 ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં ઠરાવ્યા મુજબ ચેક લખનાર કે જેઓ તેવો દાવો કરતા હોય કે તેમને નોટિસ મળી નથી, તેમણે કોર્ટનો સમન્સ મળ્યાના ૧૫ દિવસમાં ચૂકવણુ કરવું જોઈએ. જો ચેક લખનાર ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો તેઓ સ્પષ્ટ રીતે એવી રજૂઆત કરી શકે નહિ કે નોટિસની યોગ્ય રીતે બજવણી થયેલ નથી. આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીએ આરોપીને નોટિસ યોગ્ય રીતે બજાવેલાની હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે. તદુઉપરાંત **આરોપી તરફે હાલની ફરિયાદ સમય મર્યાદામાં નથી તે બાબતે પણ કોઈજ તકરાર લીધેલ નથી** તેવા સંજોગોમાં ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૮ ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી કરેલ હોવાનું જણાઈ આવતું હોઈ તે મુજબની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ તે મુજબ નિર્ણિત મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**૧૦..** **<u>મુદ્દા નંબર ૨ ની ચર્ચા:−</u>**

૧૦.૧. સદરહું મુદ્દા સંદર્ભે ફરિયાદીના વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખએ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદીએ આંક−૦૧

ની ફરિયાદ હકીકતના સમર્થનમાં આંક–૦૫ થી પોતાની સોગંદઉપરની જુબાની રજુ કરીને પોતાનો કેસ પુરવાર કરેલ છે. આ કામના ફરિયાદી તથા આરોપી એકબીજાના મિત્ર થતા હોય અને તેઓની વચ્ચે વિશ્વાસના સંબધો બંધાયેલ હોય તે સંબંધોને લઈને આરોપીને સામાજીક પ્રસંગ માટે તાત્કાલીક પૈસાની જરૂર પડતાં ફરિયાદી પાસથી તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/–પુરા એક માસની મુદતે લીધેલ. જે રકમની આરોપી પાસે ઉઘરાણી કરતાં આરોપીએ રૂા.૨૦,૦૦૦/–પુરા રોકડા ચુકવી આપેલ અને બાકી રહેતી રકમ રૂા.૧,૮૦,૦૦૦/–પુરા ચુકવી આપવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો બેન્ક ઓફ બરોડા, ખેડા શાખાનો આંક–૦૯ થી રજુ ચેક નં.૦૦૦૦૦૧ વાળો ચેક પાકતી તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજનો ફરિયાદીના નામનો લખી આપેલ અને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેક બેન્કમાં રજુ કરશો ત્યારે ચેકમાં જણાવ્યા મુજબના નાણાં ચોકકસ મળી જશે, જેથી આરોપીના વિશ્વાસ અને ભરોસા આધારે સદર ચેક ફરિયાદીએ તેમના બેન્ક ખાતામાં જમા કરાવતાં સદરહુ ચેક આંક–૧ ૦ થી રજુ રિટર્ન મેમા સાથે વગર સ્વીકરાયેલ ''ઈનસફીસીયન્ટ બેલેન્સ'' ના શેરા સાથે પરત ફરતાં, ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને આંક–૧૧ થી રજુ લેખિત નોટિસ આંક–૧૨ મુજબ તા.૦૧.૦૯.૨૦૨૫ ના રોજ આપેલ જે નોટિસ આંક–૧૩,૧૪ મુજબ આરોપીને તા.૦૨.૦૯.૨૦૨૫ ના રોજ બજવા છતાં આરોપીએ ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ નથી. આમ આરોપીનો પ્રથમથી ઈરાદો ફરિયાદીના નાણાં

ડુબાડવાનો મલીન જણાઈ આવેલ, જેથી હાલની આ આંક-૦૧ મુજબની ફરિયાદ કરેલ છે.

૧૦.૨. વધુમાં દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે '' ઈનસફીસીયન્ટ બેલેન્સ'' ના શેરા સાથે પરત આવેલ હોય આરોપીએ આપેલ ચેક વગર સ્વીકરાયે પરત ફરેલાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ ફરિયાદીનુ આરોપી પ્રત્યેનુ કાયદેસરનુ લેણું પુરવાર થાય છે. વધુમાં જણાવે છે કે, આરોપી તરફે આંક-૦૯ થી રજુ ચેક તેમના બેન્ક ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી તે બાબતે કોઈજ ઈન્કાર કરેલ નથી. વધુમાં આ કામે આરોપીએ લીધેલ બચાવ કે, આરોપી ફરિયાદીની ઈકો ગાડી ચલાવતા હોય અને ફરિયાદીને આરોપીના નામે લોન લેવી હોય આરોપીનો કોરો ચેક બેન્કમાં આપવા લીધેલ તે કોરા ચેકનો દુરુઉપયોગ કરી હાલની આ ફરિયાદ કરેલ છે પરંતુ આ કામે આરોપી ફરિયાદીના ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં હોય તે હકીકત આરોપીએ પ્રથમ પુરવાર કરવી પડે જે આ કામે પુરવાર થતી નથી ત્યારે આરોપીએ લીધેલ બચાવ માનવા પાત્ર જણાઈ આવતો નથી. વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેક સમગ્ર અથવા અંશત: દેવા પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને તેવો ચેક સમગ્ર દેવા કે તેના ભાગ પેટે આપવામાં આવેલ ન હતો તે સાબિત કરવાની જવાબદારી આરોપીની છે અને તે આરોપીએ કોજન્ટ પુરાવાથી સાબિત કરવું જોઈએ તે મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરેલ છે. વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ અને ઉદ્દેશ જોતાં આરોપીને સખ્તમા સખ્ત

શિક્ષા અને દંડ કરવા અને ફરિયાદીને વળતર અપાવવા માંગણી કરેલ છે.

૧૦.૩. આ કામે ફરિયાદપક્ષની દલીલ સામે આરોપીપક્ષને દલીલ કરવા પુરતી તક આપવા છતાં આરોપી પક્ષે કોઈ હાજર રહેલ ન હોય કે નિયત સમયમાં કોઈ દલીલ કરવામાં આવેલ ન હોય આ કામે ફરિયાદપક્ષની અરજી આધારે આરોપીપક્ષની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી આ કામે આરોપી પક્ષની દલીલ સાંભળવામાં આવેલ ન હોય આ કામે આરોપીને અન્યાય ન થાય તે સારૂ રજુ પુરાવો ઘ્યાને લઈ આ કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે છે.

**૧૧..** હવે હાલના કેસમાં ફરિયાદપક્ષની ઉપરોકત દલીલોના સંદર્ભમાં પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તે પેહલાં કાયદાની નીચે મુજબની જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે.

**કલમ – ૧૧૮ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માની લેવાની બાબત :**

એથી વિરૂઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) **દરેક વટાઉખત અવેજ**ને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

(ખ) **તારીખ વિશે:**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરીઆપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) **સ્વીકારના સમય વિશે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **તબદિલીના સમય વિશે :**કોઈ વટાઉખતની દરેક તબદિલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **શેરાઓના ક્રમ વિશે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **સ્ટેમ્પ વિશે :** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :** કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતું જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :</u>**

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈ પણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતિની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,

આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે,

એ) જયાં સુધી, ચેક લખ્યા તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

બી) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ' ત્રીસ દિવસની અંદર ' તે ચેક લખનારને લેખિત નોટિસ આપીને તેવી રકમની ચૂકવણીની માંગણી કરે નહીં, અને

સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટિસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

**<u>સ્પષ્ટીકરણ :</u>** આ કલમના હેતુ માટે ''દેવું અથવા અન્ય જવાબદારી'' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>આમ, ધી નેગોશીયેબ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.</u>

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ પેઈ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને યોગ્ય સમયમાં નોટિસ આપી હોવી જોઈએ.

૪. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ નોટિસ બજયાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઈએ.

**<u>કલમ – ૧૩૯ ચેકના ધારકની તરફેણમાં અનુમાન</u>**

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણચૂકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે.

આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી

કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે.

આવું અનુમાન ભારતિય બંધારણના અનુચ્છેદ ૨૦(૩) મારફત આપવામાં આવેલ મૂળભૂત અધિકારને હાનિ કરતું નથી.

**<u>ભારતના પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ-૧૦૧ સાબિતીનો બોજો :-</u>**

જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનુ અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

**૧૨..** હવે ફરિયાદપક્ષે રજુ થયેલ દલીલો સાથે પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલાં પુરાવાના બોજા અંગેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ નામદાર સુપ્રિમ કોર્ટના સંખ્યા બંધ ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જયારે આરોપીએ ચેક ફરિયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતુ હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનુ રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે. અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ પોતાનો બચાવ શકયતાઓની પ્રબળતા એટલે કે પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે. વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા

માટે વિટનેસ બોકસમાં પણ આવવુ જરૂરી નથી. એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિશંકપણે પુરવાર કરવાનો હોતો નથી, પરંતુ ચેકના ધારકની તરફેણમાં કરવામાં આવતા કલમ ૧૩૯ ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે. અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરિયાદીના શીર પર સીફટ થાય છે. આમ, ઉપરોકત પુરાવાના સિધ્ધાંતને ધ્યાને રાખીને ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપીપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનુ રહે છે. ફરિયાદપક્ષે રજુ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓને સોનાના ત્રાજવામાં (ગોલ્ડન સ્કેલ) ઉપર મુલવણી કરવી જરૂરી છે. તેમજ ન્યાયશાસનના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવલી ''સાબિત'' અને ''નાસાબિત'' ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યકિત જે તે સંજોગોમાં તેવુ અસ્તીત્વ છે તેવી

ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોકકસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષિત છે.

**૧૩..** વધુમાં, હાલના કામે ફરિયાદપક્ષ કાયદેસરનુ લેણું સાબિત કરી શકેલ છે કે નહી તેની ચર્ચા કરતા અગાઉ આ કામે નામદાર સુપ્રિમ કોર્ટ તથા અન્ય વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્ય છે કે.

In the matter between **M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH 365,** Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit, reported in 1991(2) GLH 65,** Hon'ble Gujrat High Court has held that, Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.

- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

તદઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, reported in 1999(3) SCC 35** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist,"

તદઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **K.N.Beena V/S Muniyappan, reported in 2001 AIR(SC) 2895** તથા **Hiten P.Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC 16** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further

held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના **Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde, reported in 2008 Cr.LJ 1172, K. Prakashan V/S P. K. Surenderan, reported in 2008(1) SCC(Crimes) 200** તથા **Rangappa V/S Sri Mohan, reported in 2010 AIR(SC) 1898** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**૧૪..** હવે આ કામે ફરિયાદપક્ષના વિધ્વાન વકીલશ્રીની ઉપરોકત દલીલો તથા રેકર્ડ પરનો રજુ પુરાવો ધ્યાને લઈ આ કામે આરોપી તરફે લેવામાં આવેલ બચાવ કે ફરિયાદી જણાવે છે તેવા રૂા.૨,૦૦,૦૦૦/–પુરા આપેલા નથી અને આવી રકમ આપેલ હોય તો તે કોની રૂબરૂમાં આપેલ તેમજ આવાં નાણાં આપવાની ફરિયાદીની સધ્ધરતા પુરવાર થતી ન હોઈ આરોપીને છોડી મુકવા માંગણી કરેલ છે, પરંતુ આ કામે ફરિયાદીએ ખુદ જણાવેલ છે કે, તેમની પાસે ખેતીની આવકના રૂા.૨,૦૦,૦૦૦/–પુરા હતા તે આપેલ અને તે બતાવવા સારૂ આંક–૧૮ થી આંક–૩૧ સુધીના ખેતીની જમીન ધરાવતા અવેલ તે અંગેનું રેવન્યુ રેકર્ડ તથા આંક–૩૨ થી શ્રીજી ટ્રેડર્સનું બીલ રજુ રાખેલ છે. જયારે આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, તેઓ અગાઉ નોકરી કરતા હતા અને છેલ્લા બે વર્ષથી નોકરી છોડી હાલમાં ખેતીનો વ્યવસાય કરે છે. ત્યારબાદ

સ્વીકારે છે કે, તેઓ ખેતીનો વ્યવસાય કરતા આવેલ છે તે દર્શાવતો કોઈજ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. ત્યારબાદ સ્વીકારે છે કે, તેઓ ઈકો ગાડી ધરાવે છે. જયારે એ વાતનો ઈન્કાર કરે છે કે, ગાડીના ડ્રાઈવર તરીકે આરોપી વિશાલભાઈને રાખેલા. ત્યારબાદ સ્વીકારે છે કે, તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ તેમના હાથ ઉપર રૂપિયા બે લાખ જેટલી સીલક હોય તે દર્શાવતો કોઈ પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. ત્યારબાદ જણાવે છે કે, આરોપી તેમની પાસે નાણાંની માંગણી કરવા આવેલ ત્યારે અને આરોપીને નાણાં ચુકવ્યા તે વખતે પણ આરોપી એકલો જ હતો. આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/–પુરા આપેલ તેમાં રૂપિયા પાંચસોના દરની નંગ–૪૦૦ નોટો આપેલ અને આ પાંચસોના દરની ૪૦૦ નોટો હતી તે ખેતીની સીઝનના ઘઉં વેચાણ કરેલ તેની હતી અને તેવા કથનના સમર્થનમાં આંક–૩૨ થી ઘઉ વેચાણ અંગેનું શ્રીજી ટ્રેડર્સનું બીલ રજુ રાખેલ છે તે જોતાં તેમાં રૂા.૨,૨૦,૦૮૮/–પુરાનો ઘઉંનો માલ વેચાણ આપેલ હોવાનું જણાય છે. આ કામે આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/–પુરા ફરિયાદીએ તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ આપેલ અને આંક–૩૨ થી રજુ માલ વેચાણનું બીલ જોતાં તે તા.૨૦.૦૩.૨૦૨૫ ના રોજનું છે એટલે કે આરોપીને કહેવાતા નાણાં આપેલ તે અગાઉ ઘઉ વેચાણ આપેલ તેની આવકના નાણાં ફરિયાદીના હાથઉપર હોવાનું જણાય છે. આમ, આરોપીનો બચાવ કે ફરિયાદીની નાણાં આપવાની સધ્ધરતા જણાઈ આવતી નથી તેવો બચાવ માની શકાય નહી. કારણ કે, ધી નેગોશીયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદામાં એવી કોઈજ જોગવાઈ નથી કે ફરિયાદીએ ફરિયાદવાળા વ્યવહારની તમામ વિગતો જાહેર કરવી પડે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો **Tedhi Singh** Versus

**Narayan Dass Mahant, 2022(6) SCC 735** ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેતાં તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે પારા–૯ માં ઠરાવ્યા મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કમલ ૧૩૮ હેઠળના કેસમાં ફરિયાદીએ પ્રથમ વખત એ બતાવવાની જરૂર નથી કે તેની પાસે ક્ષમતા છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની કાર્યવાહી સીવીલ દાવો નથી તે સમયે, જયારે ફરિયાદી પોતાનો પુરાવો આપે છે, જયાં સુધી મોકલવામાં આવેલ વૈધાનિક નોટિસના જવાબમાં એક કેસ સેટ કરવામાં ન આવે કે ફરિયાદી પાસે સાધન ન હતું. તો ફરિયાદી પાસેથી એવી અપેક્ષા રાખી શકાતી નથી કે તે શરૂઆતમાં સાબિતી આપે કે તેની પાસે નાણાંકીય ક્ષમતા છે. જયારે હાથ પરના કેસમાં ફરિયાદીએ આંક–૦૧ ની ફરિયાદમાં તથા સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીને જે રકમ ઉછીની આપેલ તે ફરિયાદીએ પોતાની પાસે ખેતીના ઘઉ વેચાણની આવકના હતા અને તે અંગેનું આંક–૩૨ થી બીલ ચાલતા પુરાવાના કામે રજુ રાખેલ છે તેવા સંજોગોમાં ફરિયાદ સાથે કહેવાતાં નાણાં હાથ ઉપર હોય તે દર્શાવતો પુરાવો રજુ રાખેલ ન હોય એટલા માત્ર કારણસર આરોપીને હાથઉછીના નાણાં આપેલ નથી તેવું અનુમાન થઈ શકે નહી અને તે રીતે સદર ચુકાદો ફરિયાદપક્ષને મદદકર્તા પુરવાર થાય છે. વધુમાં આ કામે ફરિયાદીએ પોતે આંક–૦૧ ની ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીને એક માસ માટે સદર નાણાં હાથઉછીના આપેલ હોય તે નાણાંની માંગણી કરતાં આરોપીએ રૂા.૨૦,૦૦૦/–પુરા રોકડા આપેલ અને બાકીના રૂા.૧,૮૦,૦૦૦/–પુરાનો તા.૨૧.૦૮.૨૦૨૫ ના રોજનો આંક–૦૯ વાળો ચેક આપેલ જે આરોપીએ તેની જવાબદારી અદા કરવા સારૂ આપેલ છે, જે માનવા પાત્ર છે.

**૧૫..** હવે આરોપી તરફે લેવામાં આવેલ અન્ય બચાવ ધ્યાને લેવામાં આવે તો આંક–૦૯ થી રજુ ચેક આરોપી ફરિયાદીની ઈકો ગાડી ચલાવતા હોય આરોપીના નામે ફરિયાદીએ લોન લેવા માટે આરોપી પાસે કોરો ચેક બેન્કમાં આપવા લીધેલ તેનો દુરુઉપયોગ કરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે તે બાબતે રેકર્ડ પરના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે ફરિયાદી મીનેષ પ્રવિણભાઈએ તેમની આંક–૦૫ ની સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ મિત્રતાના નાતે તેઓની પાસે રૂ.૨,૦૦,૦૦૦/– પુરાની એક માસમાં પરત કરવાની શરતે માંગણી કરતાં તેઓની પાસે વ્યવસ્થા હોવાથી આરોપીની જરૂરિયાત મુજબના નાણાં હાથઉછીના આપેલ જે નાણાં પેટે આરોપીએ રૂ.૨૦,૦૦૦/–પુરા રોકડા આપેલ અને બાકીના રૂ.૧,૮૦,૦૦૦/–પુરા પરત કરવા આરોપીએ આંક–૦૯ થી રજુ તેના બેન્ક ખાતાનો ચેક આપતાં તે બેન્કમાં જમા કરાવતાં વગર સ્વીકરાયે પરત ફરતાં હાલની આ ફરિયાદ કરેલ હોવાની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ છે. આ ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં તેમાં ફરિયાદી એ હકીકત સ્વીકારે છે કે, તેઓ ઈકો ગાડી ધરાવે છે પરંતુ આરોપી તેમની ઈકો ગાડી ફેરવતો હોય તે હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરે છે. ત્યારે આરોપીના નામે લોન લેવા સારૂ ફરિયાદીએ કોરો ચેક બેન્કમાં આપવા લીધેલ તે હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સાબિત થતી નથી. આમ આરોપીનો સદર બચાવ પણ માની શકાય તેમ નથી.

**૧૬..** વધુમાં, આરોપી તરફે એક એવો પણ બચાવ લીધેલ છે કે, તેઓએ આંક–૦૯ થી રજુ ચેક ફરિયાદીની કાયદેસરની કોઈજ લેણી રકમ પેટે આપેલ નથી અને બેન્ક લોન લેવા સારૂ આપેલ તેનો

દુરુઉપયોગ કરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે તે બાબતે રેકર્ડ પરનો રજુ પુરાવો જોવામાં આવે તો આ કામે ફરિયાદીએ આંક-૦૧ ની ફરિયાદ તથા આંક-૦૫ ની સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીને તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/-પુરા આપેલ તેની ઉઘરાણી પેટે આરોપીએ આંક-૦૯ થી રજુ ચેક આપેલ જે બેન્કમાં જમા કરાવતાં અને તે પરત ફરતાં હાલની આ ફરિયાદ કરેલ છે. હવે આ કામે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતાં તેમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આરોપી પાસે કડક ઉઘરાણી કરેલ પરંતુ કંઈ કંઈ તારીખે કયા સ્થળે ઉઘરાણી કરેલી તેવી કોઈ હકીકત ફરિયાદમાં જણાવેલ નથી. તેઓ એ હકીકત પણ સ્વીકારે છે કે, આરોપીએ તેની સહી કરી ચેક આપેલ તેવી હકીકત ફરિયાદમાં જણાવેલ છે. જયારે એ વાતનો ઈન્કાર કરે છે કે, ચેકમાં સહી સિવાયની વિગતો કોરી હતી. ત્યારબાદ આંક-૦૯ થી રજુ ચેક જોઈને જણાવે છે કે, તેમાં સહી ભુરી પેનથી છે જયારે બાકીનું લખાણ કાળી પેનથી કરવામાં આવેલ છે અને સદર ચેકમાં તારીખ તથા રકમ આંકડામાં લખેલ છે તે અંગ્રેજીમાં છે જયારે બાકીનું લખાણ ગુજરાતીમાં છે. ત્યારબાદ એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપીની સહી વાળો કોરો ચેક જે તેમની પાસે પડેલ હતો તેનો દુરુઉપયોગ કરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે. આમ, ફરિયાદીનો ઉપરોકત પુરાવો જોતાં ચેકમાંનું લખાણ અલગ અલગ પેનથી હોવાનું સ્વીકારે છે પરંતુ સદર ચેક કોરો આપેલ હોય તેવી હકીકત ફરિયાદી સ્વીકારતા નથી. તદઉપરાંત આરોપીના કોરા ચેકનો દુરુઉયોગ કરી ખોટી ફરિયાદ કરેલ તેવી હકીકતનો પણ ઈન્કાર કરે છે. આમ, આરોપીનો બચાવ કે તેમના સહીવાળો કોરો ચેક જે ફરિયાદી પાસે હતો તેનો દુરુઉપયોગ કરેલ

છે તે હકીકત રજુ રેકર્ડ પરના પુરાવા આધારે સાબિત થતી નથી. તદુઉપરાંત આંક–૦૯ થી રજુ ચેક આરોપી તેમના ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી તે બાબતે કોઈ તકરાર આરોપી તરફે લીધેલ નથી તેવા સંજોગોમાં કહેવાતો આંક–૦૯ વાળો ચેક આરોપીએ જ પોતાની જવાબદારી અદા કરવા ફરિયાદીને આપેલ હોવાનુ માનવાપાત્ર છે. વધુમાં આંક–૦૯ થી રજુ ચેક જોતાં તેમાં સહી તથા બાકીનું લખાણ અલગ અલગ પેનથી કરવામાં આવેલ હોવાનું જણાય છે પરંતુ આ તબકકે કાયદાકીય સ્થિતિ જોવામાં આવે તો હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ભંગ અન્વયે કરવામાં આવેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયેની જોગવાઈઓ જોવામાં આવે તો આ કાયદામાં એવી કોઈજ જોગવાઈ નથી કે ચેક લખનારે ચેક તેના હસ્તાક્ષરમાં જ લખીને આપવો જોઈએ. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૨૦ ને ધ્યાને લેતાં જયારે એક વ્યકિત નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પ મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલ રકમ યથાપ્રસંગે વટાઉખત બનાવવાનો અથવા પુરૂ કરવાનો પ્રથમ દર્શનીય અધિકાર આપે છે. અને તે રીતે ફરિયાદી તે ચેક જાતે પણ ભરીને પુરો કરી શકે છે. આ તબકકે ફરિયાદપક્ષે રજુ નામદાર સુપ્રિમ કોર્ટનો **Bir Singh** Versus **Mukesh Kumar, 2019 AIR (SC) 2446** ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એવો સ્પષ્ટ સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે, કોઈ ચેક જે બ્લેન્ક હોય અને પોતાની ઈચ્છા મુજબ તેઓ પેયીને અમુક રકમ સારૂ આપે અને તે રકમ અને બીજી વિગતો જો પેયી જાતે અથવા કોઈ બીજા

મારફત ભરે તો એટલા માત્રથી ચેકને ઈનવેલીડ માની શકાય નહી. આ પુરવાર કરવાનો પુરાવાનો બોજો આરોપીના શીરે રહેલો છે કે ઉપરોકત તકરારી ચેક કોઈ કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ નથી અને તે સારૂ તેમણે એવો ચોકકસ અને સચોટ પુરાવો રેકર્ડ ઉપર લાવવો પડે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૨૦, ૮૭ અને ૧૩૯ માં એવું સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે જો વ્યકિત સાઈન કરીને ચેક આપતી હોય અને જો કોઈ પુરાવા વડે તે ખંડન કરવામાં નિષ્ફળ નીવડે કે તે ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ નથી તો ચોકકસપણે કોર્ટે એવું માનવાનું રહેશે કે ઉપરોકત તકરારી ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ છે અને તે હકીકત અસ્થાને રહી જાય કે ચેકની તમામ વિગતો ડ્રોઅર સિવાય બીજા કોઈ ધ્વારા ભરવામાં આવેલ છે, અને તે કિસ્સામાં પણ કલમ ૧૩૮ લાગુ પડે છે. આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કર્યા મુજબ તેમજ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તકરારી ચેક આરોપીએ તેમના ખાતાનો નથી કે તેમાં તેમની સહી ન હોવા બાબતે તકરાર લીધેલ ન હોય ચેકમાં આરોપીની સહી હોવાનુ માનવાને કારણ રહેલ હોય તે સંજોગોમાં આંક–૦૯ ના તકરારી ચેકની બોડી રાઈટીંગ અંગેનો આરોપીનો બચાવ/તકરાર માની શકાય તેમ નથી. આરોપીનો બચાવ કે કોરા ચેકનો દુરુઉપયોગ કરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે પરંતુ આરોપીએ સૌપ્રથમ એ હકીકત કોજન્ટ પુરાવા આધારે પુરવાર કરવાની છે કે ફરિયાદીનું કાયદેસરનું વસુલાતને પાત્ર કોઈ લેણું નથી કે ફરિયાદીને કોઈ ચેક આપેલ નથી. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ નું પ્રાથમિક રીતે ફરિયાદીની તરફેણમાં અનુમાન

કરવાનુ હોય ફરિયાદીએ લેણું કાયદેસરનું છે તેમ પુરવાર કરવાનુ નથી, પરંતુ ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ નથી તે આરોપીએ પુરવાર કરવાનું છે. આ કામે આરોપી તરફે આંક-૦૯ થી રજુ ચેક ફરિયાદીને આપેલ નથી તેવી કોઈજ હકીકત પુરવાર કરી શકેલ નથી. જેથી, આરોપીનો એક માત્ર બચાવ કે કોરા ચેકનો દુરુઉપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે તે રીતે લીધેલ બચાવ પુરવાર કરવામાં આરોપી સદંતર નિષ્ફળ નિવડેલ છે.

**૧૭..** આમ, ઉપરોકત પેરાઓમાં વિગતવાર કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર આરોપી ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન પોતાનો લીધેલ બચાવ પુરવાર કરી શકેલ નથી, ઉલટાનું તે એકબીજાના વિરોધાભાસી હોવાનું જણાઈ આવે છે. આમ આરોપી તરફે લીધેલ બચાવ પુરવાર કરવામાં આરોપી સદંતર નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઈ આવે છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુ.એકટની કલમ ૧૩૯ અને કલમ ૧૧૮ મુજબના અનુમાનોનું ખંડન કરવા પુરતો પ્રાથમિક કે માનવા લાયક બચાવ કે પુરાવો પણ આરોપી રજુ કરી શકેલ હોવાનુ જણાઈ આવતું ન હોઈ ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતો તથા વટાઉખત અધિનિયમનો હેતુ અને કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ ના અનુમાન ધ્યાને લેતાં તથા આરોપી તરફે આંક-૦૯ થી રજુ ચેક તેમના ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી તે સંજોગોમાં ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવાને પાત્ર થાય છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો **P.Rasiya** Versus **Abdul Nazer And Anr., 2022 JX (SC) 997** ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં ઠરાવ્યા મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ એ એક વૈધાનિક

ધારણા પુરી પાડે છે, ચેકમાંની સહી અને હસ્તાક્ષર બાબતે આરોપીએ તકરાર ઉઠાવેલ ન હોય ત્યારે એવું માની લેવું જરૂરી છે કે ચેક દેવું અથવા જવાબદારીના નિકાલ માટે જારી કરવામાં આવ્યો છે. વધુમાં સદર ચુકાદામાં એવુપણ પ્રસ્તાપિત કરેલ છે કે કલમ ૧૩૯ ના અનુમાનને કારણે ફરિયાદીએ (નેચર ઓફ ટ્રાન્ઝેકશન અથવા સોર્સ ઓફ ફંડ) વ્યવહારની પ્રકૃતિ અથવા ભંડોળના સ્ત્રોત બતાવવાની જરૂર નથી. આમ આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન લેવામાં આવેલ બચાવ અંગે કોઈ સંભવિત પુરાવો આ કામે રજુ નથી કે ફરિયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તેને ખંડન કરતો પણ કોઈજ પુરાવો આરોપી તરફે રજુ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટનો **Rangappa** Versus **Sri Mohan, 2010 AIR (SC) 1898** ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી વિરુધ્ધનો પુરાવો ન આપે, અગર તો ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રિબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તેવુ માનવાનુ છે તેથી આરોપીએ સાબિત કરવુ પડશે કે ચેક ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવ્યો ન હતો. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર રેકર્ડ ઉપરના મટીરીયલ કે પુરાવાના આધારે આરોપી કોજન્ટ પુરાવાથી જે બચાવો લીધેલ છે તે પુરવાર કરી શકેલ નથી અને તે રીતે આરોપી પુરવાર કરી શકેલ નથી કે ચેક દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ ન હતો તે સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયેના કાયદાકીય અનુમાન આધારે ફરિયાદીએ પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરેલ હોઈ મુદ્દા

નંબર ૨ નો જવાબ પણ હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૩ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧૮.. <u>મુદ્દા નંબર ૩ ની ચર્ચા :–</u>

આમ, ઉપરોકત મુજબ રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતોને ધ્યાને લેતા તથા ફરિયાદપક્ષની દલીલો અને નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતા તેમજ ઉપરોકત મુદ્દા નંબર ૧ અને ૨ માં કરેલ વિસ્તૃત ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો આક્ષેપીત ગુનો શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલા હોઈ આરોપીને તેમની સામેના ગુના માટે તકસીરવાન ઠરાવવા ન્યાયોચીત જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

– આ કામના આરોપી **વિશાલકુમાર ભુપતસિંહ ખાંટ,** રહે.દલાલનો ટેકરો, મું.ખેડા, તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.કલમ ૨૭૮(૨) અન્વયે તેની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે, સબબ કામ આરોપીને સજા માટે સાંભળવા મુલતવી.

– ઉપરોકત હુકમ આજ તા.૪થી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૪.૦૫.૨૦૨૬ (મહેશકુમાર ચીમનલાલ પટેલ)
સ્થળ: ખેડા. અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ 01199 ]

**૧૯..** આ કામે સજા અંગે આરોપીને રૂબરૂ તથા તેમના વિ.વકીલશ્રી એસ.જી.મલેકને તથા ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખને સાંભળ્યા.

**૨૦..** આરોપી તરફે એવી રજુઆત કરેલ છે કે, આરોપી ગરીબ વર્ગના નોકરીયા માણસ છે. તેઓ સિવાય તેમના ઘરમાં બીજુ કોઈ કમાનાર નથી, સમગ્ર કુટુંબની જવાબદારી તેઓના શીરે છે. આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી હોઈ વધુ સજા કરવામાં આવે તો તેમના સમાજમાં પ્રતિષ્ઠાને હાની પહોંચે તેમ છે તેમજ તેમના કુટુંબમાં મુશ્કેલી પડે તેમ છે. જેથી ઓછામાં ઓછી સજા કરવા વિકલ્પે પ્રોબેશનનો લાભ આપી છોડી મુકવા માંગણી કરેલી છે.

**૨૧..** જયારે ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખએ રજુઆત કરેલ છે કે આરોપીના કુટુંબને હેરાનગતી થાય તે રીતે જેનો ચેક પરત ફરેલ હોય તેને પણ ઘણી બધી મુશ્કેલીઓ પડે, કોર્ટના ધકકા ખાવા પડે, ખર્ચ કરવો પડે, આમ ફરિયાદીને પણ તેટલી જ તકલીફ પડે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આજકાલ નાણાંકીય વ્યવહારના બદલામાં ચેક આપવાના રિવાજ પ્રચલીત થયેલ છે અને આવા ચેક વણસ્વીકરાયેલ પરત ફરવાના બનાવો પણ દિન પ્રતિદિન વધતા જાય છે અને આવા ચેક પરત ફર્યા બાદ તેના નાણાં પણ ચુકવી આપવામાં આવતા નથી. જેથી સમાજમાં દાખલો બેસે તે રીતે મહત્તમ સજા કરવી જોઈએ અને ફરિયાદીને વધુમાં વધુ વળતર અપાવવું જોઈએ.

**૨૨..** આ અદાલતે ફરિયાદી તથા આરોપી તરફેની ઉપરોકત મુજબની રજુઆતો લક્ષમાં લીધેલ છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના

માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. હાલ સમાજમાં એક પક્ષકાર પાસ ેથી બીજો પક્ષકાર નાણાં મેળવી તે સામે ચેકો લખી આપે છે અને ચેકો વગર સ્વીકરાયે પરત થતાં રહે છે તેમજ આવા બનાવની ફરિયાદ કરનાર ફરિયાદીને તેના નાણાં પણ પરત કરતાં નથી તે ખુબ જ ગંભીર બાબત ગણાય અને આવા આર્થિક ગુન્હાઓનું પ્રમાણ દિન–પ્રતિદિન ખુબજ વધી રહયું છે જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે અને આવા આર્થિક ગુન્હાઓ આચરતા ઈસમોને ઉત્તેજન ન મળે અને સમાજમાં દાખલો બેસે તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો આર્થિક ગુનો છે અને દિન પ્રતિદિન ચેક પરત ફર્યાના કેસોમાં નોંધપાત્ર વધારો થઇ રહેલ છે. જેથી આવા ગુનામાં હળવાશ રાખવાથી સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે અને આવા ગુનામાં બી.એન.એસ.એસ. કલમ ૪૦૧ અથવા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સની જોગવાઈઓનો કોઈપણ રીતે લાભ આપવો ન્યાયી જણાતુ નથી, પરંતુ કેસની હકીકતો અને ચેકની રકમ ધ્યાને લેતાં આરોપીને મહત્તમ સજા ન કરતા મહત્તમ સજાથી ઓછી સજા કરવા માટે વ્યાજબી કારણ હોવાનુ જણાઈ આવે છે.

**૨૩..** આરોપી સામે પુરવાર થયેલ ગુનો જોતાં આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ કેદની સજા બે વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે છે. આ કામે ફરિયાદી તરફેની રજુઆત મુજબ આરોપીએ ચેકની રકમ ચુકવેલ નથી તેથી તેઓને ઘણુ એવુ આર્થિક નુકસાન થયેલ છે, જેથી આ કામે ફરિયાદીને આરોપી પાસેથી બી.એન.એસ.એસ.કલમ ૩૯૫ મુજબ વળતર અપાવવું

ન્યાયોચિત જણાય છે. વળતરની રકમ નકકી કરતી વખતે મેજિસ્ટ્રેટશ્રીએ એવી વિચારણા કરવાની છે કે ફરિયાદીને વળતર ચુકવવા અંગે એવોર્ડ કરવાની સત્તા છે. આમ, જયારે મેજિસ્ટ્રેટશ્રીને લાગે કે, ફરિયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરિયાદીને વળતર અંગે હુકમ કરી શકે છે, જે બી.એન.એસ.એસ.કલમ ૩૯૫ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશ્નો ટ્રાયલ કોર્ટે વિચારવાના રહે છે. <u>૨૦૦૧ એ.આઈ.આર.(સુ.કો.)૫૬૭, પંકજભાઈ નગીનદાસ પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત</u>ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ચેકની પુરેપુરી રકમ ફરિયાદીને વળતર તરીકે ચુકવી આપવા માટે હુકમ કરેલ. જેથી મેજિસ્ટ્રેટશ્રી ફરિયાદી તથા આરોપીને સાંભળી વ્યાજબી વળતરનો હુકમ નકકી કરી શકશે. <u>નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૧ એ.આઈ.આર.(સુ.કો.) ૨૫૬૬, કૌશલ્યા દેવી મસંદ વિ.રૂપકિશોર ખોર</u>ના ચુકાદામાં ઠરાવેલ છે કે, " the offence under Section 138 of the N.I. Act is almost in the nature of civil wrong which has been given criminal overtone, and imposition of fine payable as compensation is sufficient to meet the ends of justice." વધુમાં <u>નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૨) જી.એલ.એચ.૧૩૫૩, આર.વિજયન વિ.બેબી અને બીજા</u>ઓના ચુકાદામાં ઠરાવેલ છે કે, "the direction to pay the compensation by way of restitution in regard to the loss on account of the dishonour of the cheque should be practical and realistic. So, in a prosecution under Section 138 of the N.I.Act, the compensatory aspect of remedy should be given

much priority over punitive aspect." આમ, ફરિયાદીના વિ.વકીલશ્રીની રજુઆત અને આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેતાં તથા સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતાં ધ્યાને લેતાં ફરિયાદીને વળતર પેટે ચેકની રકમ ચુકવી આપવામાં આવે તો ફરિયાદીને આર્થિક નુકસાન ન જાય અને આ પ્રકારના ગુના આચરનારાઓને યોગ્ય નશ્યત મળી રહે અને સમાજમાં યોગ્ય સંદેશો પહોંચે. આમ ઉપરોકત મુજબની કરેલી તમામ ચર્ચાઓને ધ્યાને લઈને ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

૧. આ કામના આરોપી **વિશાલકુમાર ભુપતસિંહ ખાંટ,** રહે.દલાલનો ટેકરો, મું.ખેડા, તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.કલમ ૨૭૮(૨) અન્વયે તેની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના માટે છ માસની સાદી કેદની સજા ભોગવવાનું ફરમાવવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ. કલમ ૩૯૫(૩) અનુસાર આરોપીએ રૂા.૧,૮૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ એંશી હજાર પુરા) ફરિયાદીને વળતર પેટે આ હુકમની તારીખથી ત્રણ માસની અંદર ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. બી.એન.એસ.એસ.ની કલમ ૪૦૪ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત કરેલ નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

૪. આરોપીના કોઈ જામીન ખત મેળવવામાં આવેલ હોય તો તે આથી રદ ગણવા.

– ઉપરોકત હુકમ આજ તા.જથી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૪.૦૫.૨૦૨૬ (મહેશકુમાર ચીમનલાલ પટેલ)
સ્થળ: ખેડા. અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ 01199 ]